Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ પ્રકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું વિક્રમ સંવત ૧૯૬૦—ભાદરવો અંક ૨ જો.

## पर्युषणपर्व निमित्त प्रभुस्तुति.

### વસંતતિલકા.

આનંદ[1]કંદ સુરવૃંદ[2] સદૈવ સેવે,
આ ખંડલો[3] અધિક જ્યાં સુખધામ ટેવે;
તે શાંતિથી શરણ લે સુખમાં વિરામું,
પર્યુષણે પ્રભુ તણાં પદને પ્રણામું. ૧

શ્રી કલ્પના[4] શ્રવણથી લહું સત્સમાધિ.
દૂરે કરૂં દમન[5]થી દિલની ઉપાધિ;
વેગે ભર્યા વિષયના વિષથી[6] વિરામું,
પર્યુષણે પ્રભુ તણા પદને પ્રણામું. ૨

નિસ્તાપ[7] થઉં ભવઋષિ તપના પ્રભાવે,

૧ આનંદના સમૂહ રૂપ. ૨ દેવતાઓનો સમૂહ. ૩ ઇંદ્રો. ૪ કલ્પ સૂત્રના. ૫ ઇંદ્રિયોને વશ રાખવાથી. ૬ ઝેરથી. ૭ તાપવગરનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેથી ભવે ભવ ઉપાધિ જરાય નાવે;
નિત્યે અગર્વ થઇને ગુરૂ ભક્તિ પામું,
પર્યુષણે પ્રભુ તણા પદને પ્રણામું. ૩
પૂજું પ્રતાપ ધર તે પ્રતિમા પ્રભાવી,
ધ્યાવું જ તે હૃદયમાં સમ ભાવ લાવી;
મિથ્યા કરૂં મલિન દુષ્કૃત જે નકામું,
પર્યુષણે પ્રભુ તણા પદને પ્રણામું. ૪

## પર્યુષણ પર્વ નિમિત્ત સર્વ પ્રત્યે મિથ્યા દુષ્કૃત.

### શાર્દૂલવિક્રીડિત.

જે કંઈ જીવ વિરાધના મન વચઃ કાયા થકી જો કરી;
રાગ દ્વેષ અને હૃદે કપટથી જો ક્રૂરતા આચરી;
વિરાધ્યા અવિનીત થૈ ગુરૂજનો સાધ્યા નહીં સાધને,
મિથ્યા દુષ્કૃત તે હજો અમતણું પર્યુષણારાધને. ૧

# ચિંતામણી

## એક ચમત્કારી વાર્ત્તા.

( પૂર્વ અંકના પૃષ્ઠ ૮ થી ચાલુ )

શેઠાણી યતના અને અમૃતચંદ્ર શેઠ થોડીવાર મૂર્છિત થઇ સાવધાન થયા. તે સમયે વિમલા પોતાના આવાસની બાહેર ઊભી ઊભી સાશ્રુનયને જોતી હતી. પોતાના પૂજ્ય સાસુ સસરાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખિત સ્થિતિ જોઈ તેના કોમલ હૃદયમાં અનેક શોકમય ઊર્મિઓ ઉડવા લાગી. "અહા, માતા પિતાનું કેવું પુત્રવાત્સલ્ય ! કેવો પવિત્ર પ્રેમ ! મનુષ્યનું મન કેવું મોહ અને પ્રેમથી બનેલું હોય છે એ પ્રેમ અત્યંત અદ્ભુત વસ્તુ છે, જેમ સરિતા પ્હાડમાંથી નીકળી તે ભૂમિનો પંક ધારણ કરી અપવિત્ર થાય છે, તેમ મનુષ્યનું હૃદય પણ ધર્મને છોડી આવા મોહાત્મક પ્રેમના અનુસરણમાં જઈને સંસારના કલંકને એની સાથે મિશ્રિત કરીને તેને અપવિત્ર કરીને નાખે છે. માનસિક આશામાં લુબ્ધ થયેલો મનુષ્ય આ મલિન પ્રેમના અનુસરણમાં ધસડાઈને પાપાત્મક અનેક જાતના લાંછન ધારણ કરે છે, છેવટે એ મોહાત્મક પ્રેમના ઝેરથી પ્રાણાંત પર્યંત તરફડીઆ માર્યા કરે છે. મારા સ્વામી કદિ ઉત્તમ માર્ગ સાધવાનો વિચાર કરી આમ અચાનક ચાલ્યા ગયા તે ઉચિત કાર્ય કર્યું નથી. પોતાના પુત્ર વત્સલ માતા પિતા આવી મોહાત્મક દશામાં દુઃખી થાય તે નહીં ગણકારતાં આત્મ સાધનમાં પ્રવૃત્ત થવું, એ સત્પુત્રનો ધર્મ નથી. પુત્ર પોતાના માતા પિતાનો યાવજ્જીવિત રૂણી છે. જેમ જંગમ તીર્થ માતા પિતા સંતુષ્ટ થાય તેમ આજ્ઞાધીન પુત્રે કરવું જોઇએ. માતાપિતા એ દુષ્પ્રાપ્ય વસ્તુ છે. કદિ તેઓ સાંસારિક સ્વાર્થમાં લુબ્ધ થઈ પુત્રને પરલોક સાધનરૂપ ચારિત્ર સાધવા આજ્ઞા ન આપે તો પુત્રે આમ અવધીરણા કરવી ન જોઇએ. સંસારી જીવ જો સંસારના ચિત્ર શિવાય બીજું કંઈ હૃદયમાં ધારણ કરવાને અધિકારી નહીં હોત તો સંસારમાં અતીંદ્રિય ઐશ્વર્ય વાલી પ્રતિમાની પૂજા અને ગુરૂ જનની સેવા કેવલ કલ્પના જણાત, ધર્મ કેવલ બહારનો આડંબર જણાત, આ સંસારમાં જો ધર્મ છે તો નિશ્ચય નિઃસ્વાર્થ પ્રેમ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંસારમાં રહેવાને યોગ્ય છે. પ્રેમાલ માતાપિતા મોહથી કહો કે સ્વાર્થથી કહો પણ પુત્રના પાલક પોષક હોઈ યાવજ્જીવિત મહા ઉપકારીછે. બાલ્યવયમાંથી સંકષ્ટ સેવી ઉછેરેલ પુત્રવૃક્ષ નવ પલ્લવિત થઇ માતાપિતાની સેવારૂપ મહાફલ આપવામાં બંધાયો છે. વૃદ્ધાવસ્થામાં માતાપિતા પુત્રની સેવાની અપેક્ષા રાખેછે. પુત્ર તે સેવાનો અનાદર કરી સ્વતંત્ર રીતે સ્વકાર્યમાં પ્રવૃત્તિ કરે તો તેનો સર્વદા અપરાધી છે. માતા પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન એ ધર્મનું ઉલ્લંઘન છે. ગુરૂજનનો અનાદર તેના ચારિત્રને ચરિતાર્થ કરતો નથી. અહા, મારા સ્વામીએ સ્વેચ્છાથી ધાર્મિક સાહસ કર્યું તે ઊચિત કર્યુ ન કહેવાય જો તેમની ઈચ્છા આ અસાર સંસારમાંથી મુક્ત થવાની હોત, તથા આ ભવના મહા ભારમાં દબાવા ભીતિ ધરતા હોતતો તેમને યુકિતથી માતાપિતાને સમજાવવા હતા. સાનંદપણે તેમની સેવાના લાભથી બીજા પારલૌકિક લાભને પ્રધાન માનવામાં પોતાનું બુદ્ધિબલ વાપરવુ હતું. હું મારા સ્વાર્થ તરફ દ્રષ્ટિ નહી કરતાં આ પૂજ્ય ગુરૂજન તરફ વિશેષ દ્રષ્ટિ કરૂં છું. ધર્મના પસાયથી પતિ વિયોગનું દુઃખ સહન કરવાનું સાધ્વી વ્રત મને પ્રાપ્ત થયું છે પણ આ મોહ મૂર્તિ પૂજ્ય માતા પિતાની હૃદયવેદના મારાથી સહન થઇ શકતી નથી. તેમના શોકાશ્રુને લુંછી નાખવાનો બીજો કોઇ ઉપાય નથી. હું શું કરી શકું " આ પ્રમાણે ચિંતાતુર થયેલી ચતુર વિમલા ઊભી ઊભી સાસુ સસરાનું શોક દર્શન કરતી હતી.

અમૃતચંદ્ર અને યતનાની આસપાસ ગ્રહના સેવકો, દુકાનના વફાદાર નોકરો અને પવિત્ર મનના પાડોશીઓ વીંટાઈ વલ્યા. એકસાથે વૃદ્ધ સેવકોએ શાંત્વના ભરેલા વચનોથી પોતાના શોકગ્રસ્ત

સાન... ઊભી સાશ્રુવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વામીને આશ્વાસન આપવા માંડયું. બીજી તરફ શેઠની પ્રખ્યાત પેઢીના પ્રવીણ પુરૂષો અને તેમના વ્યાપારનો સંબંધધરનારા વ્યાપારીઓ એકડા થવા લાગ્યા. વલ્લભીપુરની વિશાળ બજારમાં ચિંતામણિ ગુમ થવાની વાર્ત્તા વેગથી પ્રસરી ગઈ. શેરીએ શેરીએ સેંકડો લોકો ચિંતામણિનીજ ચર્ચા કરવા લાગ્યા. અમૃતચંદ્રશેઠની સુવાસથી શ્રાવક તથા ઈતર વર્ગ પણ શેઠના સદનમાં શ્રેણિબંધ આવવા લાગ્યા. શેઠ અમૃતચંદ્ર પુત્ર મોહમાં મગ્ન થઈ પૂર્ણ ચિંતાતુર થઈ ગયા હતા. આવનારા ગૃહસ્થોને માન આપતાં પણ તેની મનોવૃત્તિમાં પુત્રના અદર્શનના વિચારથી પરિતાપ થતો હતો. શોકાંધકારમાં અંધ પ્રાય થયેલા શેઠને ઘેર આવતા ઈતર ગૃહસ્થો ઉપરપણ પુત્રમય ભ્રાંતિ થતી હતી કે રખેને એ પુત્ર હોય, વલ્લભિપુરમાં વિશેષ ધાર્મિક અને બુદ્ધિમાન્ ગણાતા અમૃતચંદ્ર શેઠ આ વખતે ઉન્મત્ત જેવા થઈ ગયા હતા.

શ્રેણિબંધ લોકોના આવવાથી મર્યાદા વડે અલંકૃત એવી યતના શેઠાણી ગૃહના એક ભાગમાં જઈ મંદ સ્વરે વિલાપ કરવા લાગી. અરે કર્મ રે અદ્રષ્ટ! આ શું બનાવ્યું! અમારી ઉન્નતિ ઉપર તને કેમ ઈર્ષ્યા આવી? આજે તમે તમારી કઠોરતાનો લેખ સાર્થક કર્યો. આ દુર્ભાગી યતનાનીયતના નિષ્ફળ થઇ. આ હત ભાગ્યની વર્ત્તમાન અને ભવિષ્યની આશા નાશ પમાડી. સંતતિની સંપત્તિ પ્રાપ્ત થતાં પણ વંધ્યત્વનું મહા કલંક આવી પડયું. અમારી સંપતિ ઉપર ધૂળ વળી. પુત્ર ચિંતામણિ! આ તને શું સુજી આવ્યું? અમે તારા માતા પિતા છીએ. અમારી પૂજ્યતા તારી ઉપર અધિકાર ચલાવાને સંપૂર્ણ રીતે અધિકારી છે. વત્સ, તારે આવું સાહસ કરવું ઉચિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન હતું. તું શુદ્ધ શ્રાવકનો પુત્ર છું. તારી કુળ પરંપરા આર્હત ધર્મની પવિત્ર મુદ્રાથી અંકિત છે. સનાતન્ દયા ધર્મની ધુરા તારા પિતાએ ધારણ કરી છે, તેનો તું ધુરંધર ઔરસ પુત્ર છું. તારાથી આવું અત્યંત ધર્મ વિરૂદ્ધ સાહસ થવું ન જોઇએ. તનય, અમે ઉત્તર વયમાં તારી સેવાની આશા રાખી રહ્યા હતા. તારા પિતા તને ગૃહરાજ્ય સોંપી ધર્મ સાધનને માટે પોતાનું ઉત્તર વય નિર્ગમન કરવાની આશા રાખી બેઠા હતા. પુત્ર, આશા એ મનુષ્યનો પ્રધાન જીવનોપાય છે, આશાના આધાર ઉપર આ સંસાર ચાલે છે. આશા ન હોય તો પિતા પુત્રનું કે પુત્ર પિતાનું, માતા સંતાનનું, કે સંતાન માતાનું પાલન પોષણ જરાએ કરે નહીં. નિરાશ થવાના પ્રસંગમાં પણ આશાનો જીર્ણ અને સૂક્ષ્મબિંદુ હૃદયમાં સળવળ્યા કરે છે. જ્યારે સર્વ શ્રમ અફળ જાય છે ત્યારે પ્રાણીમાત્ર આશાથીજ જીવે છે. અને જ્યારે શ્રમ તદ્દન નિષ્ફલ થાય ત્યારે આશારૂપ જીવન તુટી જતાં મનુષ્ય મૃત્યુને શરણ થાય છે. પ્રિય પુત્ર, તું ગમે ત્યાં જા, ગમે તેવા કાર્યમાં તત્પર થા પણ તારી ઉપર પથરાએલી અમારી આશાલતા છેદાય તેમ કરીશમાં. તું કદિ આ વૃદ્ધ માતા પિતાનો, તારા ગૃહ વૈભવનો, અનાદર કર, પણ આ તારી સૌભાગ્ય અલંકૃત વનિતા વિમલાને ત્યજીશ નહીં. તે બાલા કુલીન શ્રાવિકા છે. તેના જીવનનો આધાર તારી ઉપર છે. આ પ્રમાણે વિલાપ કરતી યતના ઉઠી વિમલાની પાસે આવવા ઊપર ચડી.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બ્રહ્મચર્ય પ્રભાવ.

प्रणम्य परमं देवं, केवलज्ञान मंडितम् ।
वक्ष्ये सम्यत्क संशोमि सतीनांचरितान्यहम् ॥

## નર્મદા સુંદરી.

### પ્રકરણ ૧ લું.

### ઋષિદત્તા

સૂર્ય ગગનમંડલ ને અલંકૃત કરવા ઉદયાચલ ઉપર આવ્યો છે. પક્ષીઓ મંજુલ સ્વરે પ્રભાતના ગીત ગાતા હોય તેમ વિવિધ શબ્દો કરતાં ગગન માર્ગે વિચરે છે. આસ્તિક લોકો ધર્મક્રિયા કરવા તત્પર થઈ બેઠા છે. જિનાલયમાં અર્ચન ઘંટ વાગી રહ્યા છે. જૈનમુનિઓ પ્રતિક્રમણ ક્રિયાથી નિવૃત્ત થઈ અન્ય આચારની ક્રિયામાં પ્રવૃત્ત થયા છે. પ્રભાતનો શીતલ પવન ધાર્મિક, ઉદ્યોગી અને પ્રવૃત્તિ માર્ગના અનુયાયીઓને પ્રોત્સાહિત કરે છે.

આ સમયે એક બાલા શયન ગૃહમાંથી ઊઠી શારીરિક ક્રિયા આટોપી ગૃહની ચંદ્રશાલામાં બેઠી બેઠી સ્વાર્થ ચિંતન કરે છે ગગન તરફ દ્રષ્ટી કરી સ્વગત બોલી કે, "પિતાજીની પ્રતિજ્ઞા દુઃસાધ્ય છે. તે પ્રતિજ્ઞા પ્રમાણે ભવિષ્યમાં મારૂં અપાર હિત રહેલું છે. શ્રાવક કુલની બાલિકા શ્રાવકને ઘેર જાય—એ તેમનો સિદ્ધાંત સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે માન્ય છે. હું શ્રાવક કુળની બાલિકા છું મારા પિતા જૈન છે. સનાતન જૈન ધર્મના ઉપાસક છે અમારા સંબંધીઓ અદ્યાપિ જૈન શિવાય કોઈ થયા નથી જૈન ધર્મના પવિત્ર સંસ્કારથી અલંકૃત થયેલા ગૃહસ્થોની સાથેજ મારા પિતા સબંધ ધરાવે છે, પણ આ સમયે કોઈ યોગ્ય જૈનયુવાન મારે માટે પિતાની દ્રષ્ટિમાં આવતો નથી. મારી માતા વીરમતી મારે માટે ચિંતાતુર રહે છે. યોગ્ય વયની પુત્રીને જોઇ વીરમતી માતા પ્રતિદિન મુંઝાયા કરે છે. પૂર્વે બાલ્ય વયમાં મને રમતી કે હસતી જોઇ જે માતા આનંદ મગ્ન થતા હતા, તે અત્યારે મને જોઇ ચિંતાબ્ધિમાં મગ્ન થાય છે. અહા ! કેવો અબલાનો અધમ અવતાર ! કન્યાના જન્મને મહાપાપનું કારણ કહે છે, તે ખરેખરૂં છે હું તેનું પરિપૂર્ણ દ્રષ્ટાંત છું.

વાંચનાર, આશ્ચર્યમાં પડી ભ્રમિત થશો નહીં. આ બાલા વર્દ્ધમાન નગરના **રૂષભસેન** શેઠની **રૂષિદત્તા** નામે પુત્રી છે. તેની માતાનું નામ **વીરમતી** છે. રૂષિદત્તા એ સારી રીતે વિદ્યાભ્યાસ કર્યો હતો. તેણીમાં ગુણોએ નિવાસ કરેલો હતો. એ શીલવતી અને સદ્‌ગુણી સુંદરી હતી. તેનામાં ગુણોની શાથે અનુપમ સૌંદર્ય રહેલું હતું. તેના વિશાલ લોચન હરણીને લજાવતા હતા, મુગ્ધાવસ્થામાંથી ચાતુર્ય ભરેલા યૌવનમાં તેણીનો પ્રવેશારંભથતો હતો, સર્વ અંગ ઊપાંગની શોભા અનુપમ અને દ્રષ્ટિરંજક હતી આવું સૌંદર્ય છતાં તે વિનીત, શીલવતી અને ધાર્મિક હતી. પોતે શુદ્ધ શ્રાવિકાનું અભિમાન રાખતી હતી. આર્યબાલાઓના ચરિત્રોને વાંચી વાંચી તેણીએ સતી શાસ્ત્રનો સદ્‌બોધ મેલવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂષિદત્તાનું સદ્બોધ સહિત સૌંદર્ય સાંભળી તે દેશના અનેક ધનવાન્ ગ્રહસ્થો પોતાના પુત્રો માટે તેની માગણી કરતા હતા. અનેક આગંતુકો તેણીને માટેજ રૂષભસેન શેઠના ઘરનું આતિથ્ય લેતા હતા. પુત્રીનું કન્યાવય વીત્યા છતાં રૂષભસેન વિલંબ કરતાં તેનું કારણ એ હતું કે, એ નગરમાં અને દેશમાં જાતીના ઘણા ધનવાન્ મિથ્યાત્વીઓ રહેતા હતા. તેથી શેઠે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે, મારી પુત્રી રૂષિદત્તા શ્રાવક શિવાય કોઈને આપવી નહીં. હું આર્હત ધર્મનો ઉપાસક શ્રાવક છું, મારી કન્યા શ્રાવકને ઘરે જવી જોઇએ, શ્રાવક કુલમાં જન્મ ધરનાર સંતતિનો મિથ્યાત્વી સાથે સંબંધ કરવો એ કેવું વિપરીત કહેવાય? શ્રાવકની કન્યા શ્રાવકના ઘરમાંજ શોભે છે.

રૂષભસેન શેઠના જાણવામાં આવ્યું હતું કે, શ્રાવક કુલ જૈન ધર્મથી પવિત્ર છે. શ્રાવક ના આચાર શુદ્ધ અને માન્ય છે. વીરધર્મની પવિત્ર પ્રભાથી પ્રકાશીત શ્રાવક કુલ સર્વોત્તમ ગણાયું છે. ભારતવર્ષના પ્રત્યેક સ્થાને આર્હતવાણીના પ્રતિનાદ શ્રાવકના ધર્મગીત ગવાયા કરે છે. એવા શ્રાવક કુલની કુલીન કન્યાઓ જો મિથ્યાત્વીના મલિન કુલમાં જોડાય તો શ્રાવક કુલ વિચ્છિન્ન થઇ જાય અહિંસાના આચારમાં ઉછરેલી બાલાઓ હિંસાચારમાં પ્રવૃત્ત થાય એ કેવો અધર્મ? પ્રતિક્ષણે જતનાથી પ્રવૃત્તિ કરનારી શ્રાવક બાલાઓને મિથ્યાત્વની હિંસાત્મક ક્રિયા કરવાની ફરજ પાડવી એ કેવી વિડંબના? આવા વિચારથી ચતુર રૂષભસેને એવી પ્રતિજ્ઞા કરી હતી કે, ગમે તેવો ધનવાન, બુદ્ધિમાન્, કે કલાદક્ષ પુરૂષ હોય પણ જો તે શ્રાવક ધર્મથી અંકિત ન હોય તો તેને **રૂષિદત્તા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવી નહીં. પુત્રીને યાવજજીવિત કૌમાર રહેવું પડે તોય શું પણ મિથ્યાત્વી પતિ સાથે તેનો વિવાહ કરવો નહીં. આ દુઃસાધ્ય પ્રતિજ્ઞાની રૂષિદત્તાને ખબર હતી તેથી તે ચંદ્રશાલામાં તે વિષેનો વિચાર કરતી હતી.

રૂષિદત્તાએ નીતિ સાથે ધર્મનું શિક્ષણ સારૂં મેલવ્યું હતું તેનામાં શ્રાવિકાના કેટલાએક ગુણો સ્વતઃ આવ્યા હતા. યોવન વય છતાં પ્રૌઢ વિચારો એ તેનામાં પ્રવેશ કર્યો હતો. ઉદ્ધતાઈ કે તોછડાઈ તેનાથી દૂર હતા. અનુપમ રૂપ પ્રાપ્ત થયા છતાં તે રૂપ ગર્વિતા ન હતી. એટલું છતાં પણ તેનામાં સાંસારિક સુખની અપેક્ષા ઉત્પન્ન થઇ હતી. પોતાને કેવો પતિ પ્રાત્પ થશે ? અને તે કયારે પ્રાત્પ થશે? એ ચિંતવન સર્વદા કરતી હતી પતિના સહવાસમાં રહેવાની અને પત્ની થવાની તેનામાં હોંસ ઉત્પન્ન થઈ હતી. પાડોશીની બીજી સમાન વયની સખીઓને શ્વસુરગૃહ જતી જોઇ તેની વિવાહ નીવાસના વિશેષ વૃદ્ધિ પામતી હતી.

આ પ્રમાણે રૂષિદત્તા ચંદ્રશાલામાં ચિંતવન કરતી હતી. ત્યાં તેની માતા વીરમતી પાસે આવી પુત્રીની મુખમુદ્રા ચિંતાતુર જોઇ વીરમતી વિચારમાં પડી આ પુત્રી શેનો વિચાર કરતી હશે ? હવે તે મુગ્ધા નથી. તેની મનોવૃત્તિમાં વિષયવાસના પ્રગટી લાગે છે. તે પતિગૃહ જવાના મનોરથ કરતી હશે. તે ઘટે પણ છે. હવે તેણીનો શો વાંક, શેઠે પ્રતિજ્ઞા કરી સાહસ કરેલું છે. એ દુઃસાધ્ય પ્રતિજ્ઞા શીરીતે પૂર્ણ થશે.

આ દેશ કે નગરમાં શુદ્ધ શ્રાવકોના કુટુંબો થોડા છે, સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે યોગ્ય એવા શ્રાવક કુટુંબ સાથે સબંધ કરવાનો લાભ દુષ્પ્રાપ્ય છે. તેમાં પણ ઋષિદત્તા જેવી સુંદર અને વિદુષી પુત્રીને લાયક શ્રાવક પતિ મલવા અતિ દુર્લભ છે. પ્રત્યેક સ્થાને તપાસ કરતાં એક જાતિના મિથ્યાત્વીઓ મલે છે. ધન અને વિદ્યા મદથી ગર્વ ધરતા મિથ્યાત્વીઓ ઉપરા ઉપર રૂષિદત્તાની માગણી કરે છે. એક તરફ શ્રાવક પતિ મલતો નથી અને બીજી તરફ આ બાલા બાલ્યવય માંથી મુક્ત થતી જાય છે. આ ઊભય ચિંતા મારા હૃદયને દગ્ધ કર્યા કરે છે. હવે શું કરવું? કયો માર્ગ લેવો? એ કાંઈ પણ નિશ્ચય ભૂત થતું નથી. અધિષ્ટાયક દેવ મારા સ્વામીની પ્રતિજ્ઞા સફલ કરાવી તેને પુત્રી સંબંધી મહા ચિંતામાંથી મુક્ત કરો."

અપૂર્ણ.

# "જૈન કોન્ફરન્સનું શુદ્ધ કર્તવ્ય શું છે"

## તે વિષે સ્વપ્ન વૃત્તાંત.

ગત વર્ષમાં જૈન કોન્ફરન્સનો દ્વિતીય મહોત્સવ થયેલ, તે પ્રસંગે જે જે કર્તવ્ય કાર્ય કોન્ફરન્સમાં કરવામાં આવેલ, તે સંબંધી વિચાર કરતાં અનેક માનસિક ઉર્મિઓ ઉઠવા લાગી. જૈન કોન્ફરન્સમાં હવે શુદ્ધ કર્તવ્ય શું કરવાનું છે? કોન્ફરન્સનો વિજય સર્વદા શીરીતે થયા કરે? કોન્ફરન્સના કર્તવ્યનો લાભ સર્વ સ્થાનિક જૈન સમાજને શીરીતે મલે? ઈત્યાદિ વિચાર કરતાં કરતાં આ લેખકને નિદ્રા આવી ગઈ. મનોવૃત્તિમાં જૈન કોન્ફરન્સના ઉદયના જૈન પ્રજાના ઉત્કર્ષ અને સાધર્મી બંધુઓની ઉન્નતિનાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો ધોળાયા કરતા હતા. જૈન વર્ગ ભારતવર્ષમાં સાંસારિક અને ધાર્મિક ઉન્નતિમાં ક્યારે આગળ પડે ? જૈન જ્ઞાન સંપત્તિનો વિચ્છેદ થતો શીરીતે અટકે ! એ રૂપ સ્વાધ્યાયના સૂત્રનુંજ મનન સર્વદા થયા કરતું હતું–એથી તત્કાળ એક સ્વપ્નવૃત્તાંત દષ્ટિ આગલ ખડું થયું–સ્વપ્નામાં જાણે હું એક નવપલ્લવિત ઉદ્યાનમાં જઇ ચડયો. ત્યાં આગળ જતાં એક પ્રૌઢવયનો ગહસ્થ જોવામાં આવ્યો. તેની મુખમુદ્રા ઉપર શ્રાવક તેજ પ્રકાશતું હતું. તેના વિશાલ મસ્તિકમાંથી જ્ઞાનમય કીરણો સ્ફુરણાયમાન થતા હતા. તે દેશ વિરતિધર્મનો અધિકારી છતાં સર્વ વિરતિ ધર્મના ભાવાત્મક ચિન્હો તેનામાં સર્વ રીતે જોવામાં આવતા હતા. તે શ્રાવક શિરોમણિનો સમાગમ થતાં મને અપાર આનંદ ઉત્પન્ન થયો, આકૃતિ અને શાંત મુદ્રા જોતાંજ આ બાર વ્રતધારી શ્રાવક છે, એમ મને અંતરંગ નિશ્ચય થયો મેં વિનીત થઈ તેને પ્રણામ કર્યો. મારા પ્રણામને તે ગૃહસ્થે સ્મિત વદને સ્વીકાર્યો–મેં પ્રેમથી તે મહાશયને પુછયું, ? શ્રાવકવર્ય, આપ કોણ છો ? અને આ મનોહર ઉદ્યાનમાં કયાંથી આવી ચડયા છો ? તેમણે સ્નેહથી પ્રત્યુતર આપ્યો હું એક અલ્પ શ્રાવક છું. સાધર્મીઓનો પરમ ઉપાસક છું જૈન સમાજની ઉન્નતિની અપેક્ષા રાખી રાત્રિ દિવસ તેનુંજ ચિંતવન કર્યા કરૂં છું. આ મનોહર ઉદ્યાનની કુદ્રતી શોભા જોઈ મારા મનને શાંતિ થઈ છે. અહિં કોઇ પવિત્ર સ્થલે સામાયિક લઇ બેસવું છે. મારા સામાયિકનો ઊદ્દેશ આજ જુદીજ રીતનો છે. એ સામાયિકમાં પરમાત્માનું ધ્યાન કરી સામાયિક સમાપ્ત કર્યા પછી જૈનોની ઉન્નતિ કેવી રીતે થાય ? તે વિચાર કરવાનો છે. એ વિચારનો સ્વાધ્યાય કરવાનું જે ચિંત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વન તે બીજું કર્ત્તવ્યરૂપ સામાયિક જેવુંજ છે એમ હું માનુંછું. આ ઉદ્યાનમાં અનેક જૈન મહાત્માઓ આવી ગયા છે. આ ભૂમિની રજ તે મહાત્માઓના ચરણ સ્પર્શથી પવિત્ર છે. આવા પવિત્ર સ્થાનમાં મનન કરેલા વિચારો સાર્થક થાય, એવા ઊત્તમ હેતુથી હું અહીં આવ્યો છું. ભદ્ર, તમે કોણ છો? તે જણાવો. તે પછી મેં મારો વૃત્તાંત તેમને નિવેદન કરી જણાવ્યું કે, હું આપનો સાધર્મી બંધુ છું. સાંપ્રતકાલે ભારતવર્ષમાં જૈનકોન્ફરન્સ એવા નામે એક મહા મંડલ સ્થપાયું છે, તે મહા મંડલની ઉન્નતિ શી રીતે થાય? તેનું શુદ્ધ કર્ત્તવ્ય શું છે? તેવો વિચાર કરતાં મારી અલ્પ મતિમાં અનેક શંકાઓ થવા લાગી. છેવટે હું મુંઝાઈ ગયો. તેનું નિરાકરણ કરી શક્યો નહીં તેથી કોઈ જૈન અનુભવી વિદ્વાનનુ શરણ લેવા નિશ્ચય કરી આ ઉદ્યાનમાં આવી ચડ્યો છું અહીં આપ મહાશયના દર્શન થયાં તે હું મારા ભાગ્યનો ઉદય સમજુ છું મારી શંકાઓનું નિરાકરણ આપના તરફથી સારીરીતે થઈ સકશે—એમ મને પૂર્ણ નિશ્ચય થઈ ગયો છે હવે હું મારા પ્રયત્નમાં સફલ થયોછું તે ગૃહસ્થે શંકા જણાવવાની ઈચ્છા બતાવી, પછી અમે એક આમ્ર વૃક્ષની નીચે જઇ બેઠા; ત્યાં પ્રથમ તેણે કટાસન પાથરી શુદ્ધિ કરી સામાયિક લીધું. તેમાં આત્મધ્યાન કરતાં સમય પૂર્ણ થયો એટલે સામાયિક પારી મારી સાથે વાર્ત્તાલાપ શરૂ કર્યો. ભદ્ર, તમારી શંકાઓ જણાવો. મેં નમ્રતાંથી કહ્યું, મહાશય, હાલમાં જે જૈન-કોન્ફરન્સ સ્થપાયેલી છે, તેની ઉન્નતિ શીરીતે થશે? તે મહા સમાજનું શુદ્ધ કર્ત્તવ્ય શું છે? મહાશયે પ્રસન્નવદને જણાવ્યું, બંધુ, જૈન શ્વેતાંબરી કોન્ફરન્સની સ્થાપના ભારતવર્ષની જૈન પ્રજાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદય સૂચવે છે, એતો નિશ્ચય છે. આ મહા સમાજની સ્થાપના આપણા ઉદય નાટકનો પૂર્વરંગ છે એ નિર્વીવાદ છે, પણ હવે તે મહાસમાજ કેવી રીતે પોતાનું યશસ્વી કર્ત્તવ્ય બજાવે છે, તે આપણે પૂર્ણરીતે જોવાનું છે. આ વિષે ખૂબ મનન કરતાં મેં ચાર સૂત્રો રચી કાઢ્યા છે. જે તેના અગ્રણી સ્થાપકોને હૃદયમાં મનન કરી ધારણ કરવા યોગ્ય છે. તે સાંભળતાંજ મને ઉત્સાહ આવી ગયો. તત્કાલ તે મહાશયના ચરણમાં પડી કહ્યું કે, હે શ્રાદ્ધશિરોમણિ, મને તે ચાર સૂત્રો વિવેચન સહિત કહી સંભલાવો. મહાશય બોલ્યા ભદ્ર, પ્રથમ સૂત્ર આ પ્રમાણે છે—" **सामाजिक चिर स्थैर्योपाय प्रवर्त्तनम्** " તેનો ભાવાર્થ એવો છે કે, "સ્થાપિત થયેલા સમાજની ચિરકાલ સ્થિરતા થાય, તેવા ઉપાય પ્રવર્ત્તાવવા" પ્રથમતો કોઈપણ સમાજ—મહામંડલ સ્થાપન કરતાં વિચારવું કે, આ મહામંડળ ચિર કાલશીરીને ટકી રહે, તેવા ઉપાય યોજવા જોઇએ જેમ કોઇ પ્રાસાદ-મેહેલ ઉભો કરતા હોય, ત્યારે તેને ટકાવી રાખવા મજબૂત પાયા કરવામાં આવે છે તેમ મહાસમાજરૂપ મહેલના મજબૂત પાયા કરવા જોઇએ. તેવી રીતે આપણી જૈન કોન્ફરન્સતેના ઉત્સાહી અગ્રણી નરોએ મોટા આડંબરથી સ્થાપેલી છે, પણ હવે તેની ચિરકાલ સ્થિરતા માટે અગ્રેસરોએ દીર્ઘ વિચાર કરવાના છે. મુંબઈની બીજી બેઠક વખતે લગભગ સવા લાખ જેવી મોટી રકમ ઉત્પન્ન થયેલી હતી કે, જે રકમથી જૈનવર્ગના ઉત્સાહ અને ઔદાર્યના ગુણે ઇતર વર્ગને વિસ્મય પમાડી દીધો છે. પણ હવે પુનઃ તેવી રકમ હવે પછીની બેઠકે થવાની આશા અલ્પ પણ રાખવી તે મુશ્કેલ છે. અને તેવી આશા જો પુનઃ પુનઃ કોન્ફરન્સમાં પ્રગટ કરવામાં આવે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાજિક ગૃહસ્થો આવતા અટકી પડે. અને જો તેઓ અટકે તો કોન્ફરન્સનો મહાસમાજ છિન્ન ભિન્ન થઇ જાય. માટે અગ્રણી નરોએ કોન્ફરન્સમાં પુનઃ તેવી રકમ થવાની કે કરવાની આશા દૂર દેશી નજરે રાખવી. હવે એટલુંજ વિચારવાનુ છે કે, જે આ મોટી રકમ કોન્ફરન્સે સંપાદન કરી છે, તેનો સર્વની દ્દષ્ટિમાં આવે તેવો સદુપયોગ કરવો આ ફંડની લક્ષ્મી ભારતવર્ષના જૈનોની સાર્વજનિક મીલકત છે, કોન્ફરન્સના સર્વ હિત સાધવાનું તે ઉંચા પ્રકારનું પણ બહુજ અલ્પ સાધન છે તેવા અલ્પ સાધનને ઉપયોગ પણ બીજા કોઇપણ ઇતર સાર્વજનિક કામમા કરવો નહીં. જો તે રકમનો સર્વની દ્રષ્ટીમાં આવે તેવો સદુપયોગ થશે તો કોન્ફરન્સને સર્વદા જીવન મળ્યા કરશે અને તેથી કરીને આ ઉપયોગી મહાસમાજ ચિરકાળ સ્થિરતાને પામશે. તેની ચિરકાલ સ્થિરતાનો આ સર્વોત્તમ ઉપાય છે. એ ઉપાય કોન્ફરન્સના અગ્રેસરોએ સર્વદા પ્રવર્ત્તાવવો એ વિગેરે આ પ્રથમ સૂત્રનો સાર છે. અપૂર્ણ.

# વ્યવહાર શુદ્ધિ.

( અનુસંધાન ગતાંક પાને ૨૨ થી )

નિશ્ચયથીતો સર્વ આત્મા સમાનછે. પરંતુ વ્યવહારનું અવલંબન રકશું ત્યારેજ આપણને શ્રીમાન્ હરિભદ્રસૂરિજી, શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજી અને શ્રી માન્ યશોવિજયજી પ્રમુખ મહાત્માઓના ચરિત્રોની ભાવના થશે. ત્યારેજ આપણે વિચારીશું કે તેવા મહાન પુરૂષોની કવિત્વશક્તિના જેવી શક્તિનો પ્રાદુર્ભાવ આપણને કયારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે ? તેવીજરીતે શ્રીમાન્ **ગૌતમસ્વામિની** લબ્ધિનો પ્રભાવ જોઇ તેવી લબ્ધિ આપણને કયારે સંપાદન થાય એવી જિજ્ઞાસા થાય છે. તે કરતાં પણ વિશેષ **મહાવીરપ્રભુની** કૈવલ્ય સંપત્તિ તથા તીર્થંકર વિભૂતિ પ્રમુખ સંપદાનું અવલોકન કરતાં આપણી જીજ્ઞાસા પ્રબળપણે વૃદ્ધિંગત થશે. હવે ધારો કે શ્રીમાન્ હરિભદ્ર, હેમચંદ્ર યશોવિજયજી પ્રમુખ મહા પુરૂષો તેમજ ગૌતમસ્વામિ કે વીર પરમાત્મા પોતાની સંપત્તિનો વિભાગ પાડી આપણને કાંઇપણ તે વિભાગ આપી શકવાના નથી તેમજ મોક્ષ સુધી ઊચકી શકવાના નથી અને ખાત્રી છે કે તેમાંથી એક કટકો આપણને મળશે પણ નહી. છતાં આપણે આકર્ષાઇ તેમના તરફ આત્માર્પણ કરવાને જે જિજ્ઞાસા રાખીએ છીએ તેનું કારણ એ મહાપુરૂષોનો શુદ્ધ વ્યવહારજ છે. એ મહા પુરૂષોએ શુદ્ધ વ્યવહારનું સંપૂર્ણ ફળ ભોગવેલું છે, અને તેમણે દોરવેલા માર્ગનું જે સંપૂર્ણ અવલંબન કરે છે તેજ તેમના જેવા ઉત્તમ ફળોને સંપાદન કરે છે. જેમ અંક વિના સર્વ મીંડા નિષ્ફળ છે. નકામા છે તેમ શુદ્ધ વ્યવહાર વિના ધાર્મીક સર્વ કરણી નિષ્ફળ છે—નિસ્તેજ છે.

એ પ્રમાણે અપાર શક્તિવાળા શુદ્ધ વ્યવહારથી પ્રવર્ત્તન રાખવાથી—એ વિષે ભાવના રાખવાથી—તે સંબંધી સાધનોની સંપ્રાપ્તિ કરવાથી અવશ્ય મહાન લાભની પ્રાપ્તિ થાય છે.

ચૌદ પૂર્વધર શ્રી માન **ભદ્રબાહુસ્વામીનું** શિક્ષા વાકય છે કે " **संकल्पा सिद्धि दायका** " સંકલ્પ પૂર્વક કરેલો પ્રયત્ન સિદ્ધિદાતા અર્થાત્ સંકલ્પ વિના કરેલું કાર્ય વ્યર્થ થાય છે. તે વાકયને અનુસરતાં વ્યવહાર શુદ્ધિ પ્રકરણમાં જેમ જેમ સંકલ્પની સુદઢતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધતી જશે તેમ તેમ સહજ ગુણની પ્રાપ્તિ શિઘ્રપણે થશે. દીર્ઘકાળથી શુદ્ધ વ્યવહારની પદ્ધતિ કઢંગી હાલતમાં વ્યતિત થતી હોવાથી આપણો સમુદાય હત પ્રહત પ્રાય થયેલ છે; ખરાબ સંયોગોના સખ્ત દબાણ વડે ક્ષેમ કુશળતા ગુમાવી બેઠા છીએ, દુષ્ટ રિવાજો રૂપ વજ્રબંધનની બેડીમાં જકડાઈ જવાથી ટાટ થઈ ગયા છીએ, કલેશ અને કુવાસનાથી કચ્ચડ ધાંણ વળી ગઈ જળ પ્રવાહ પેઠે અધો ગતિ થઇ છે, મગજ શકિત મંદ થઇ જવાથી બુદ્ધિમાં કાલુષ્યતા આવી છે, માયાવી કાર્યોની પ્રચુરતાથી હૃદય કોહી ગયું છે. રાજાના કાનની જેમ આપણા બાંધાઓ કાચા થઇ ગયા. કુંભકરણની અઘોર નિદ્રા આપણી ઉપર પોતાનું અખંડ શાસન ચલાવે છે. ગૌતમથી જેમ ઇંદ્ર તેમ વ્યવહાર શુદ્ધિથી આપણે શ્રાપિત બની ગયા છીએ. રજસ્વલાની જેમ આપણાથી વ્યવહાર શુદ્ધિ દુર ખસી ગઇ છે. જેઠ માસની નદીયોની જેમ શુષ્ક થઈ ગઈ છે. રીંસામણી વેલડીની જેમ રીંસાઇ ગઇ છે.

જ્યારે આવી સ્થિતિ થઈ છે ત્યારેજ આપણા આર્હત શાસનમાં અંજનગિરિની ઝાંખી છાંયાએ પ્રવેશ કર્યો છે, ઈર્ષ્યા, દ્વેષ, અસૂયા, પ્રતિસ્પર્ધીપણું, લુચ્ચાઈ, દોંગાઈ, કુપાત્રતા, કાવતરાં, અસત્યતા, ઠગાઈ, મિથ્યાભિમાન, વિતંડાવાદ, ચોરી, જુગાર, વ્યભિચાર, આભડછેટ, ભ્રષ્ટતા, મદ્યપાન, નિઃશૂકતા, જડતા, મલિનતા, તુચ્છતા વીર્યહિનતા, કૃપણતા, નાસ્તિક્તા, ક્રુરતા, વિશ્વાસઘાત પ્રમુખ અનેક પ્રકારના દુર્ગુણોએ આપણામાં પ્રવેશ કરી આપણા ઉપર શાસન ચલાવવા માંડેલું છે. પ્રથમ તીર્થંકર શ્રી **આદિનાથ** પ્રભુએ એ દુષ્ટ દુર્ગુણોને આપણામાં અવકાશ મળેજ નહી અને તેઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસનથી આપણી પાયમાલી થાય નહીં એવા હેતુથી પરમ ઉપગારી દ્રષ્ટિવડે શુદ્ધ વ્યવહારની પ્રનાલિકા બાંધી હતી તેથી તે સમયની પ્રજા ઉષ્ણકાળની પ્રભાતની જેમ સુખ શાંતિવાળી બની હતી. અસંખ્ય વર્ષો વ્યતિત થતા સુધી તે માર્ગમાં અવિચ્છિન્ન પણે વર્તનારી પ્રજા સુખ શાંતિમાં આબાદ રહી. પ્રજાનો જે જે ભાગ અશુદ્ધ વ્યવહારમાં પ્રવર્ત્યો તેમનામાં કલંકીના ધ્વનિની સાથે કલેશના ધ્વનિએ પ્રવેશ કર્યો. થોડા કાળથી તો એ કલેશ બહુજ વધી ગયો, વિશેષ શું કહું ! જૈન શબ્દનો અર્થ યથાર્થ વર્તનમાં લુપ્ત પ્રાય થઇ ગયો. રાગ દ્વેષનો અત્યંતાભાવ કરે તે જિન કહેવાય, તેવા જિને પ્રરૂપેલા માર્ગને અનુસરનારા તે જૈન કહેવાય. જૈન માર્ગમાં પ્રવર્ત્તનારા જૈનોમાં કલેશ હોવોજ ન જોઈએ. જીન (વીતરાગ) ની પ્રજા તેની આજ્ઞાને અનુસરનારી પ્રજા પ્રાયઃ વીતરાગી હોવી જોઇએ.

સારાંશ એ છે કે વીતરાગે પ્રરૂપેલી વ્યવહારશુદ્ધિ તેની પ્રજામાં સારી રીતે પથરાઈ—ફેલાઈ જાય તો કલેશના દાંતો પડી જવા સાથે તેના કેશ ધોળા થઇ જાય. જૈનો એવા હોવા જોઈએ કે જેઓને દેખતાંજ અન્ય લોકો કબૂલ કરી શકે કે આતો વીતરાગના માર્ગને અનુસરનારાજ છે. જેઓના કાર્યને દેખી લોકો વીતરાગ ધર્મ પામે—ધર્મનું અનુમોદન કરે—ધર્મના પાડોશી થાય. ભાઇઓ આ ખુબીની પ્રાપ્તિ ક્યારે કે જ્યારે વ્યવહારની શુદ્ધિ થાય ત્યારે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગૃહસ્થાવાસમાં કેવલજ્ઞાની.

( અનુ સંધાન ગતાંક પાને ૧૬ થી )

વલી હે મહાદેવિ ! એ પચીસ તત્વોમાં સત્વ પ્રમુખ ત્રણ ગુણો છે ૧ સત્વગુણ, ૨ રજોગુણ, ૩ તમોગુણ, તેમાં સત્વગુણ ક્ષમાપ્રમુખ સુખ લક્ષણરૂપ છે, રજોગુણ આવેશ પ્રમુખ દુ:ખલક્ષણ રૂપછે અને તમોગુણ પ્રમાદ પ્રમુખ મોહ લક્ષણ રૂપછે. પ્રસન્નતા એ સત્વ ગુણનું ચિન્હ છે, સંતાપ એ રજોગુણનું ચિન્હ છે, અને દીનતા એ તમોગુણનું ચિન્હ છે. વલી બુદ્ધિ પટુતા, લઘુતા, અદ્વેષ સરલતા, કોમલતા, સંતોષ વિગેરે સત્વગુણના કાર્ય લિંગ છે, તેમજ ઉદ્વેગ, સંતાપ, અભિમાન, બિભત્સ્યતા, દ્વેષ, માત્સર્ય, નિંદા ઇત્યાદિ રજોગુણના કાર્યલિંગ છે અને અજ્ઞાન, દીનતા, આળસ, ભય, કૃપણતા, નાસ્તિકતા, ઉન્માદ અને સ્વપ્ન પ્રમુખ તમો ગુણના કાર્યલિંગ છે. સત્વાદિ ત્રણે ગુણોથી અખિલ જગત્ વ્યાપેલું છે. ઉર્ધ્વ લોકમાં અર્થાત્ દેવલોકમાં સત્વ ગુણની પ્રાધાન્યતા છે. અધોલોકમાં અર્થાત્ નારકીઓમાં તેમજ તિર્યંચોમાં પણ તમો ગુણની પ્રાધાન્યતા છે. અને મનુષ્ય લોકમાં રજોગુણની પ્રાધાન્યતા છે, આ ત્રણે ગુણોની જે સમ અવસ્થા તેનું નામ પ્રકૃતિ છે. પ્રકૃતિના પર્યાય નામો પ્રધાન—અવ્યકત આદિ છે. પ્રકૃતિ નિત્ય સ્વરૂપ છે. "અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિર એક સ્વભાવં કૂટસ્થં નિત્યં" આ નિત્યનું લક્ષણ છે. વળી આ પ્રકૃતિ અસામાન્ય છે. શબ્દનો તેમાં વ્યાપાર નથી. સ્પર્શનો તેને સંબંધ નથી. રસ રહિત છે. ગંધહીન છે. રૂપનો તેનામાં અભાવ છે અને અવિનાશી છે. પ્રાચીન સાંખ્ય દરેક આત્માની સાથે પૃથક્ પૃથક્ પ્રકૃતિ માને છે અને અર્વાચીન સાંખ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વે આત્માઓમાં એક, નિત્ય એવી રીતે પ્રકૃતિની વ્યાપ્તિ માનેછે.

આ સૃષ્ટિની ઉત્પત્તિ પ્રકૃતિ અને આત્માના સંયોગથી થાય છે એવો અમારો સિદ્ધાંત છે. પ્રકૃતિથી પ્રથમ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ગાયને નજરે દેખવાથી આ ગાય છે પરંતુ ઘોડો નથી તેમજ સ્થાણું ( ઠુંઠા ) ને નજરે જોતાંજ આ સ્થાણુ છે પરંતુ પુરૂષ નથી એવો જે નિશ્ચયાત્મક અધ્યવસાય થાય તે બુદ્ધિ કહેવાય છે. બુદ્ધિનું બીજું નામ મહત્ છે. વળી બુદ્ધિના પણ બે પ્રકાર છે. ૧ સાત્વિક બુદ્ધિ ૨ તામસી બુદ્ધિ. તે બંનેના આઠરૂપ છે. ૧ ધર્મ, ૨ જ્ઞાન, ૩ વૈરાગ્ય, ૪ ઐશ્વર્ય, આ ચાર સાત્વિક બુદ્ધિના રૂપ છે. તથા ૧ અધર્મ, ૨ અજ્ઞાન, ૩ અવૈરાગ્ય ૪ અનૈશ્વર્ય, આ ચાર તામસી બુદ્ધિના રૂપ છે. એવી આઠ રૂપવાળી બુદ્ધિથી અહંકાર ઉત્પન્ન થાય છે. તે અહંકારથી સોળ ગુણોનો સમૂહ ઉત્પન્ન થાય છે. તે સોળ ગુણો આ પ્રમાણે છે. ૧ સ્પર્શ ગુણ, તેનું સ્થાન ત્વચા છે, ૨ રસગુણ, તેનું સ્થાન જિંહ્વા છે, ૩ ઘ્રાણ ગુણ, તેનું સ્થાન નાસિકા છે, ૪ રૂપગુણ તેનું સ્થાન ચક્ષુ છે, ૫ શબ્દ ગુણ, તેનું સ્થાન શ્રોત્ર છે. આ પાંચે બુદ્ધિ ઈંદ્રિયો કહેવાય છે કારણ કે તેઓ દરેક પોત પોતાના વિષયને જાણે છે. વલી ૧ ગુદા, ૨ ઉપસ્થ ( પુરૂષ સ્રીનું ચિન્હ ) ૩ વાચ., જે કંઠ પ્રમુખ આઠ સ્થાનથી ઉચ્ચરાય છે તે, ૪ હાથ, ૫ પગ. આ પાંચ કર્મેંદ્રિય છે કારણ કે તેનાથી દરેકથી અનુક્રમે બતાવેલા પાંચકામો થાય છે. ૧ મલોત્સર્ગ ૨ સંભોગ, ૩ વચન, ૪ ગ્રહણ ૫ ચલન. ૧૧ મો ગુણ મન છે. મન જ્યારે બુદ્ધિ ઇંદ્રિયને મળે છે ત્યારે બુદ્ધિંદ્રિયરૂપ થઇ જાય છે અને જ્યારે કર્મ ઇંદ્રિયને મળે છે ત્યારે કર્મેંદ્રિય રૂપ થઈ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન તે સંકલ્પ વૃત્તિ રૂપ છે. વળી અહંકારથી પાંચ તન્માત્રા જેની અત્યંત સૂક્ષ્મ સંજ્ઞા છે તે ઊત્પન્ન થાય છે. ૧ રૂપ તન્માત્રા જેમાંથી શુકલાદિ પાંચે વર્ણની ઉત્પત્તિ છે, ૨ રસતન્માત્રા જેમાંથી તિક્તાદિ છએ રસોની ઉત્પત્તિ છે, ૩ ગંધતન્માત્રા જેમાંથી સુરભિ પ્રમુખ બે ગંધની ઊત્પત્તિ છે, ૪ શબ્દતન્માત્રા જેમાંથી મધુરાદિ શબ્દોની ઊત્પત્તિ છે, ૫ સ્પર્શતન્માત્રા જેમાંથી કોમલતા પ્રમુખ સ્પર્શની ઉત્પતિ છે. એ પ્રમાણે સોળ ગુણોનો સમૂહ અહંકારથીજ ઉત્પન્ન થાય છે. વલી પંચમહાભૂત જે પ્રત્યક્ષ છે તે આ પાંચતન્માત્રાઓથી ઉત્પન્ન થાય છે. તેમાં ૧ રૂપતન્માત્રાથી અગ્નિ ઊત્પન્ન થાય છે, ૨ રસતન્માત્રાથી જળ ઉત્પન્ન થાય છે. ૩ ગંધતન્માત્રાથી પૃથ્વી ઊત્પન્ન થાય છે; ૪ શબ્દ તન્માત્રાથી આકાશ ઉત્પન્ન થાય છે, અને ૫ સ્પર્શતન્માત્રાથી વાયુ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે પંચ મહાભૂત ઉત્પન્ન થાય છે. એ સર્વે મળી ચોવીશ તત્વ થયા અને પચીશમું તત્વ "અકર્ત્તાનિગુણો ભોકતા" એવું પુરૂષતત્વ જે નિત્ય ચિદ્રુપ છે. અપૂર્ણ.

# દક્ષિણ જૈનશ્વેતાંબર પ્રાંતિક કોન્ફરન્સ
# જૈન શાળાની યોજના.

દક્ષિણમાં અમલનેરમાં પરમકૃપાવંત મહામુનિરાજશ્રી અમરવિજયજી ચાતુર્માસ રહેલા છે તેમના નિરંતરના ધર્મોપદેશથી ત્યાંના શ્રાવક સમુદાયને ધર્મ કાર્યો કરવાની ઊત્કટ જિજ્ઞાસા થતી જાય છે. ભાદરવા સુદ ૧૩ ના રોજ ઊપાશ્રયમાં એક મહાન સભા ભરાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. તે વખતે એકત્ર થયેલા સભાના આગેવાન માણસોએ જૈન પાઠશાળાનું સ્થાપન કરવાનો નિશ્ચય કર્યો હતો. બીજે દિવસે મોટી ગંજાવર સભા ભરાઈ. તેલારાવાળા મી૦ હરખચંદ ગુલાબચંદની વિનંતિથી પ્રમુખસ્થાન મુનિરાજ શ્રી અમરવિજયજી મહારાજે સ્વીકારેલું હતું. સભા એકત્ર કરવાનું કારણ જણાવ્યા બાદ શા. બાલચંદ હીરાચંદે દક્ષિણ પ્રાંતમાં કરવા યોગ્ય ધાર્મિક તથા વ્યવહારિક સુધારણા ઊપર અતિ વિસ્તારથી અસરકારક ભાષણ આપ્યું હતું. તે ઉપર મહારાજ સાહેબે સુંદર શબ્દોથી સભ્યજનો ઉપર સારી અસર કરી હતી. સભ્યજનો પણ મરૂ ક્ષેત્રમાં કલ્પવૃક્ષના ફળ સમાન મહારાજાના શબ્દોને માનતા હતા. દુકાળમાં અમૃત જેવો મેઘ કેટલી અસર કરે છે. ભાષણ સમાપ્ત થતાંજ ટીપ કરવાનું કામ શરૂ થયું. તેજ વખતે આશરે રૂ. ૨૦૦૦) જેટલી રકમ ઉત્પન્ન થતી જણાઈ. હજુ ટીપનું કામ શરૂજ છે. આ ફંડ દક્ષિણ જૈન શ્વેતાંબર પ્રાંતિક કોન્ફરન્સ મેલવવા માટે કરવામાં આવ્યું છે. સભા મેળવવા સંબંધી વિચાર આવતા મહા અથવા ફાગણમાસ ઊપર રાખેલો છે. આ કામની શરૂઆત જેમકે રીસેપ્શન કમીટી, વોલંટીયર કમીટી વિગેરે કમિટીઓની સ્થાપના થઇ છે. આ હકીકત બહાર આવતાં અમારા મહારાષ્ટ્રીય જૈનબંધુઓને અતિ આનંદ થયો છે અને થશે. આ દેશમાં જૈનો ધાર્મિક તથા વ્યવહારિક કેળવણીમાં બહુ વૃદ્ધિ પામેલા નહીં છતાં જે ધાર્મિક ઉત્સાહની વૃદ્ધિ થઇ છે તથા સારા સારા ધર્મના કામો કરવાની જે જાગૃતિ થતી જાય છે. તે બાબતનો પરમ ઉપગાર મહામુનિરાજ શ્રી અમરવિજયજી તથા મહામુનિરાજ શ્રી રાજવિજયજી તથા મહામુનિરાજ શ્રી હંસવિજયજીની દેશના મૂતનોજ છે એ મહા પુરૂષોએજ દક્ષિણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન બંધુઓને તિર્યંચની અવસ્થામાંથી મનુષ્યની અવસ્થા ( લાયકાત ) માં આણેલા છે. એવા મહા પુરૂષોના વિહાર રૂપ ઉપગારને અમે પામર પ્રાણીઓ સેંકડો ગમે ધન્યવાદ આપીએ છીએ.

આ પ્રાંતિક કોન્ફરન્સની ઓફીસ **અમલનેરમાં** ઉઘાડવામાં આવી છે. આ બાબતનો તમામ પત્રવ્યવહાર શેઠ હરખચંદ ગુલાબચંદ દક્ષિણ જૈન શ્વેતાંબર કોન્ફરન્સના મંત્રી એ નામે શરૂ કરવાનો ઠરાવ કર્યો છે.

લી.

સંઘનો દાસ

**ગોપાલદાસ ખીમચંદ.**

# રોહીસાળા પાંજરાપોળ.

પરમ કૃપાળુ મહા મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજના પાલીતાણા મધ્યેના મોતી સુખીયાની ધર્મશાળાના મકાનમાં કરેલા વ્યાખ્યાનને અવસરે પાલીતાણાની પાંજરાપોળમાં આવતાં ગોકડા બકરાના સંરક્ષણાર્થે જે ફંડ શરૂ કરવામાં આવ્યું હતું. તે ફંડનું કામ હાલ બહુજ મંદ સ્થિતિમાં ચાલે છે. રોહીસાળા મુકામે પાંજરાપોળ ફેરવવાનું કામ જો ત્વરાથી અમલમાં આવે તો મુંગા પ્રાણીઓનો વિશેષ બચાવ થવા સંભવ છે. આ બાબતમાં વડનગર વાળા શા. ભાઈચંદ જેઠાભાઇના વહીવટ કરનાર શા. નગીનદાસ જેઠાભાઇ ઉદારતાની સાથે જેવી જીવ બચાવવાની લાગણી રાખે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેવીજ લાગણી તથા ઊદારતા અન્ય શ્રીમાન જૈન બંધુઓએ અવશ્ય રાખવાની જરૂર છે. શ્રી આણંદજી કલ્યાણજીના વહીવટના પ્રતિનીધિઓએ તો આ કામ અવશ્ય પોતાના ધ્યાન ઉપર લેવાનું છે. શેહીસાલા પાંજરાપોલ સારી યોજનાથી સ્થપાય અને તે ઉપર સારીરીતે દેખરેખ રાખવામાં આવે તો વિના કારણે નાશ પામતાં સંખ્યાબંધ પ્રાણીઓનો ઉદ્ધાર થવાનો સંભવ છે.

લી૦ મુંગા પ્રાણીઓને દુઃખથી રીબાતા ન જોઇ શકનાર.

પાલીતાણા.

## પુસ્તકાવલોકન.

સ્થાનકવાસી જૈન જ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રસિદ્ધ થયેલું "હિત શિક્ષા" નામનું પુસ્તક તેમના પ્રકાશક તરફથી અવલોકનાર્થે આવતાં, આદ્યંત વાંચતા એવો અભિ પ્રાય થાય છે કે

સંસ્કૃત ભાષાથી અજ્ઞાન પરંતુ ગુજરાતી ભાષાના ધર્મ જિજ્ઞાસુ મનુષ્યોને આ પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. પુસ્તકની પ્રવેશિકા સુંદર છે. તેમજ પૃથક પૃથક દિવસોનો ઉપદેશ જ્ઞાન વિલાસી પુરૂષના મુખ વિંદમાંથી સુગંધ રૂપે ફેલાતો શ્રોતાની મલિનતાને દૂર કરનારો છે. પક્ષવાદ રાખ્યો નથી તેથી વર્તમાન સમયને અનુકરણીય છે. વારંવાર વાંચતાં ગુણોત્પાદક છે પરંતુ ખેદ સાથે કહેવું પડેછે કે સંસ્કૃત શ્લોકાદિ બહુજ અશુદ્ધ છે તેથી લખનાર સંસ્કૃત ભાષાથી તદન અજ્ઞ હોય તેમ લાગે છે. આવા પુસ્તકોનો ફેલાવ વિશેષ થતો ઈચ્છીએ છીએ.

For Private And Personal Use Only